શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

**ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા**

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જ્યોતિર્ગમય

દ્વિમાસિક મુખપત્ર

To, ______________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૭ - અંકઃ ૪૬ જૂન/જુલાઈ-૨૦૧૬ (૯૦૯૯૯ ૭૮૧૨૭)

## ૧) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં પ્રવેશોત્સવ પર્વની ઉજવણી :-

ગુજરાતમાં પોરબંદર જિલ્લાની સર્વશ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓમાં જેનું આગવું સ્થાન છે. એવી ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના પ્રથમ દિવસે સમૂહ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થયેલ. સંસ્થાના પથદર્શક પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે સર્વ સ્ટાફ મિત્રોને પરિચય આપેલ તેમજ શૈક્ષણિક સંકુલના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા આશીર્વચનો સાથે પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે પ્રવેશોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવેલ.

કાર્યક્રમનો મંગલ પ્રારંભ પ્રાર્થના તેમજ મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય સમયે મહિલા કોલેજની વિદ્યાર્થિની પૂર્વીએ શ્લોકગાન કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું વિદ્યાર્થિનીઓ દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું તેમજ ભારતીય પરંપરા મુજબ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને કુમકુમ તિલક કરીને હૃદયપૂર્વક આવકારવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે સ્ત્રીશક્તિકરણ ઉપર વિશેષ ભાર મૂકતા કહ્યુ હતું કે વિશ્વની તાકાત બનવા માટે ઉચ્ચશિક્ષણ ખૂબ જ જરૂરી છે તેમજ કોલેજમાં અભ્યાસેત્તર પ્રવૃત્તિઓની સાથે શોર્ટ ટર્મ કોર્ષીસ ચલાવવામાં આવી રહ્યા છે. તે અંગેની માહિતી આપ્યા બાદ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સાથે પ્રથમ વર્ષના વિદ્યાર્થિનીઓના જોડાણ સંદર્ભે માહિતગાર કર્યા. ત્યારબાદ તેઓશ્રીએ જણાવ્યું હતું કે બદલાતા સમય સાથે કદમ મિલાવવાનું પ્લેટફોર્મ અહીંની સંસ્થા પુરી પાડે છે.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પ્રાસંગિક ઉદ્દ્બોધન કરતાં જણાવ્યું કે જીવનનો સૌથી ઉત્તમમાં ઉત્તમ સમય જો હોય તો કોલેજના ત્રણ વર્ષો છે. આજે પણ આપણા દેશમાં કેટલાય લોકો નિરક્ષર છે ત્યારે તેમને ઉચ્ચશિક્ષણ મેળવવાની તક મળી છે. તમારા માતા-પિતા એ ઉતમ નાગરિક સમાજને આપીશ એવા વિચાર સાથે અહીં મોકલ્યા છે. તેથી તમારે સૌએ આ ત્રણ વર્ષો દરમિયાન એક સાચી દિશા નક્કી કરવાની છે. તેમણે બધા જ વિષયને ખુબ જ પ્રાધાન્ય આપ્યું. કોઈપણ વિષય હોય તેમાં રૂચિગતતા હોવી જોઈએ. તમારી ક્ષમતાને મજૂબત બનાવી નિણૂણતા કેળવી તમારી કારકિર્દીના વિકાસમાં આગળ વધવાના આશીર્વાદ સાથે અંતમાં લાઈબ્રેરી અને રમતગમતની ઉપયોગીતા ઉપર વિશેષ ધ્યાન દોર્યું હતું.

સંસ્થાના વાઈસ પ્રિન્સિપાલશ્રી એચ.પી. કગથરા સાહેબે પ્રાસંગિક ઉદ્દ્બોધન કરેલ તેમજ હોમસાયન્સ વિભાગના ડૉ. કેતનભાઈ શાહ દ્વારા કોલેજની વિવિધ સુવિધાઓ અંગેની રસપ્રદ છણાવટ કરવામાં આવેલ તેમજ શ્રી જીવાભાઇ ખુંટીએ વિદ્યાર્થિનીઓ સમક્ષ યોગની પ્રસ્તુતિ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓ કુ. પુજા ઓડેદરા તથા કુ. મિતલ મોઢવાડિયાએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ડા. ઈલાબહેન થાનકી, શ્રી કલ્પનાબહેન જોષી તથા સમગ્ર સ્ટાફએ જહેમત ઉઠાવી હતી.

## ૨) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં ઉજવાયો ભવ્ય યોગ દિવસ :-

૨૧ જૂન એટલે યોગ દિવસ, યોગ દિવસની ઉજવણી પસંગે કોલેજની ૭૦૦ વિદ્યાર્થિનીઓ તથા સ્ટાફમિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધેલ અને વાતાવરણ યોગમય બનાવેલ. યોગ દિવસની ઉજવણી પહેલા કોલેજમાં ભવ્ય પાંચ દિવસના ટ્રેનીંગ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ અને એક્ષપર્ટ તરીકે શ્રી જીવાભાઈ ખુંટી (કુતીયાણા) શ્રી મારૂભાઈ તથા કેતનભાઈ કોટીયાએ સેવાઓ આપી હતી. યોગ દિવસના દિવસે શ્રી જીવાભાઈ ખુંટીએ કાર્યક્રમનું સંચાલન કરેલ અને સંપૂર્ણ વ્યવસ્થા પ્રો. એચ.પી. કગથરાએ સંભાળેલ હતી અને પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ નાગર સહેબે માર્ગદર્શન આપેલ હતું.

## ૩) ગોઢાણિયા મહિલા કોલેજમાં 'કોલેજ સ્થાપના દિન' અને 'ટેલેન્ટ ડે' ની ઉત્સાહભેર ઉજવણી ટ્રસ્ટીશ્રી શ્રીમતી શાંતાબહેન ઓડેદરાની પ્રેરક ઉપસ્થિતિ :

પોરબંદર જિલ્લામાં કન્યા કેળવણીના વિકાસમાં સંસ્કાર અને ગુણોનું સંવર્ધન કરનાર ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૧લી જુલાઈના રોજ, 'કોલેજ સ્થાપના દિન' તેમજ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થિનીઓમાં રહેલી વિવિધ પ્રતિભાઓને ઓળખી તેનો વિકાસ કરવાની તક પ્રાપ્ત થાય અને બહુમૂલ્ય કારકિર્દી તરફ પ્રયાણ કરે તેવા શુભ આશયથી 'ટેલેન્ડ ડે' કાર્યક્રમની ઉજવણી સંસ્થાના ટ્રસ્ટીશ્રી શાંતાબહેન

ઓડેદરાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી.

કાર્યક્રમનો મંગલ પ્રારંભ વેદમંત્રગાન તેમજ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કરાયું. આ સાથે જ કોલેજ મેગેઝીન 'સંગાથ' અને ન્યુઝલેટર 'Graffiti' (અંગ્રેજી વિભાગ) નું સર્વે મહાનુભાવના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું.

પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા માનનીય પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે જણાવ્યું હતું કે, દરેક સંસ્ગથાનો સથાપના દિન સંસ્થા માટે ખુબ જ મહત્વપૂર્ણ હોય છે. ૨૮ વર્ષ પહેલા મહિલાઓને સશક્ત કરવા આ સંસ્થાના બીજ નાનકડા પરિસરમાં નંખાયા અને આજે ખુબ જ પરિશ્રમથી વિશાળ પરિસરમાં પ્રગતિના સોપાનો સર કરી રહી છે. વધુમાં તેમણે વિદ્યાર્થિનીઓને દૈનિક જીવન સંદર્ભે શીખ આપતા કહ્યુ હતું કે, વિદ્યાર્થિનીઓ કર્તવ્યનિષ્ઠ બની પરિશ્રમી, સમર્પણની ભાવના અને નિયમબદ્ધતા કેળવવી જોઈએ. તેમણે સત્યની રાહ શોધવા ક્રાંતિકારીઓના ઉદાહરણો ટાંકી વિવેકશક્તિ કેળવી સત્યની રાહ પર ચાલવા સુચવ્યું હતું તેમજ આજનો દિવસ તમારો સંકલ્પ દિવસ છે એમ જણાવી શિક્ષણ ક્યારેય છોડીશ નહી એવો સંકલ્પ લેવાની વિદ્યાર્થિનીઓને હિમાયત કરી હતી.

કોલેજના ટ્રસ્ટીશ્રી શ્રીમતી શાંતાબહેન ઓડેદરાએ જણાવ્યું હતું કે, આ સંસ્થા ૨૯ માં વર્ષમાં શાખા-પ્રશાખાઓ સાથે વટવૃક્ષ સમાન બનીસ ચુકી છે. ત્યારે સંસ્થાના વિકાસનો યશ કર્મઠ પ્રિન્સિપાલશ્રી, અધ્યાપકો, કર્મચારીઓ અને શિસ્તબદ્ધ દીકરીઓના ફાળે જાય છે. ટ્રસ્ટીઓ તો માત્ર માધ્યમ છે. આ તકે સંસ્થાના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈને પણ યાદ કર્યા હતા. વધુમાં, તેમણે ગ્રામ્ય શિક્ષણ પર વિશેષ ભાર મૂકતા જણાવ્યું હતું કે, શિક્ષણની બાબતમાં આપણે ખૂબ આગળ વધવાનું છે. તેથી ખંત અને દિલથી ભણો, પ્રર્વતિમય જીવન પસાર કરો અને સાચા અર્થમાં વિકાસશીલ નાગરિક બની સંસ્કારમય શ્રેષ્ઠ જીવન જીવો એવા આશીર્વચનો આપ્યા હતા.

ત્યારબાદ વિદ્યાર્થિનીઓએ તૈયાર કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગણેશસ્તુતિ, કલાસિકલ ડાન્સ, સોલો સોંગ, ગ્રુપ ડાન્સ, સુગમગીત અને ભરતનાટ્યમ જેવી કૃતિઓની સુંદર પ્રસ્તૃતિ કરવામાં આવી હતી. અંતમાં, આભારવિધિ અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. કૃપા ચરાડવા, કુ. ખુશ્બુ લોઢારી, કુ. અલવીરા ધનાણી તથા કુ. કાજલ ગોહેલ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી ડૉ. ઈલાબહેન થાનકી, શ્રી કલ્પનાબહેન જોષી, ડૉ. મૂળજીભાઈ વાઘેલા, પ્રા. વર્ષાબહેન જોષી તથા પ્રા. સુહાગિનીબહેન ગરાસિયાએ જહેમત ઉઠાવી હતી તથા સૌને પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## ૪) મહિલા કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી :-

અગાધ દરિયા કિનારે વસેલા પોરબંદર ખાતે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં ગુરૂપૂર્ણિમાના પર્વ નિમિત્તે ગુરૂવંદના અને સમર્પણ ભાવનાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શુભ શરૂઆત ખુશ્નુમા સવારમાં કોલેજ, પ્રાર્થના બાદ વિદ્યાર્થિની કુ. ફોરમ દ્વારા સંસ્કૃત શ્લોકગાનથી કરવામાં આવી તેમજ પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી હરિભાઈ કગથરા, સમગ્ર અધ્યાપકગણ તથા વહીવટી સ્ટાફ મિત્રોનું વિદ્યાર્થિની બહેનોએ વહાવી સમગ્ર વાતાવરણને ભકિતમય બનાવ્યું હતું. સાથે સાથે ગુરૂમહિમા સંદર્ભે પોતાના વિચારો પણ વિદ્યાર્થિનીઓએ રજૂ કર્યા હતા. જેમાં કુ. દેવડિયા ફોરમ, કુ. પોપટ પૂર્વી, કુ વિભૂતી, ચિત્રોડા ભૂમિકા તથા કુ. શીડા રાંભીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સંસ્થાના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબને પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે દરેક દિવસનો એક મહિમા હોય છે તેમજ આજનો દિવસ પણ પવિત્ર દિવસ છે. આપણા ગુરૂઓ સમગ્ર જીવન કર્તવ્યબદ્ધ રીતે જીવીને સાર્થક કરી ગયા છે. તો આપણે સૌ આજના પવિત્ર દિવસે કર્તવ્યબદ્ધ થઇએ. વધુમાં તેમણે ગૌતમબુદ્ધને યાદ કરી તેમણે જીવનના સાચા માર્ગો શિષ્યોને આપ્યા હતા. તે સંદર્ભે વિશેષ ભાર મૂકતા કહ્યું હતું કે, જીવનમાં એક નિશ્ચિત દ્રષ્ટિકોણ હોવો જોઈએ. સદ્‌વિચાર અને વાણી સંતુલિત હોવી જોઈએ. સારા કર્મો અને કાર્યો કરવા માટે કુદરત પાસેથી શીખવું, પ્રામાણિક જીવન જીવવું, ચિત્તગ્રહણશક્તિ કેળવવી અને ધ્યાન જેવી બાબતોને આપણે આપણા દિવ્ય જીવન માટે જીવનમાં ઉતારવી જોઈએ એવી વિદ્યાર્થિનીઓને શીખ આપી. અધ્યયન મંગલમય બને એવા આર્શીવચનો આપ્યા હતા.

ત્યારબાદ એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર તગથા સંસ્કૃતિ વિભાગના અધ્યક્ષ ડૉ. ગીતાબહેન ઉનડકટે ગુરૂપૂર્ણિમાની ઉજવણી સંદર્ભે ખ્યાલ આપ્યા બાદ ગુરૂમહિમા સમજાવતા કહ્યું હતું કે જગતના ત્રણ વ્યકિત માતા-પિતા અને ગુરૂ આ ત્રણેયના ઋણમાંથી આપણે ક્યારેય મુકત થઇ શકતા નથી. ગુરૂ, શિષ્યના જીવનના દોષોને દુર કરનાર, અંધકારથી પ્રકાશ તરફ લઇ જનાર અને અજ્ઞાનતાને હરી લઇ જ્ઞાનના માર્ગે લઇ જાય છે. વિશેષમાં તેમણે વિચાર ગુરૂ, અનુગ્રહ ગુરૂ, સ્પર્શ ગુરૂ અને ચંદ્રગુરૂ જેવા ગુરૂઓની સમજુતી આપી. પરંપરાગત ઋષિમુનીઓના ઉદાહરણ આપી આપણા પ્રાચીન સંસ્કૃતિ કૃતણતાના પ્રદર્શન અને સમર્પણની ભાવનાવાળા ગુરૂઓને યાદ કરતા કહ્યું કે ગુરૂ પાસેથી જે વિદ્યા પ્રાપ્ત કરે તે સૌથી શ્રેષ્ઠ વિદ્યા છે.

ત્યારબાદ તરત જ ભરત નાટયમ્ તેમજ દિગ્દર્શક શ્રી ચેતનભાઈ દવેના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ નાટક 'ગુરૂ ચાણક્ય' વિદ્યાર્થિનીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું સુંદર સંચાલન કુ. ખુશ્બુ લોઢારી તથા કુ. દિવ્યા કોરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ગુરૂપૂર્ણિમાના પાવન અવસર પર ગોઢાણિયા સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ડૉ. ઈલાબહેન થાનકી તથા સાંસ્કૃતિક સમિતિના અન્ય સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## ૫) ગોઢાણિયા કોલેજમાં વિદ્યાર્થિનીઓનો 'થેલેસેમીયા ટેસ્ટીંગ કેમ્પ'નું આયોજન :-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના યુથ રેડક્રોસ સોસાયટી અને હેલ્થ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત રાજ્ય અને પોરબંદર જિલ્લા બ્રાન્ચના સહકારથી વિદ્યાર્થિનીઓ માટે થેલેસેમિયા ટેસ્ટીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. તેમાં મહિલા કોલેજની પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર ૫૩૭ વિદ્યાર્થિનીઓના લોહીના નમૂના થેલેસેમીયા ટેસ્ટ માટે એકત્ર કરવામાં આવ્યા હતા. જેનું ટેસ્ટીંગ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીજી અદ્યતન લેબોરેટરીમાં કરવામાં આવશે. વિદ્યાર્થિનીઓના લોહીના નમૂના એકત્ર કરવા માટે ગુજરાત રાજયની ઈન્ડીયન રેડક્રોસ બ્રાન્ચની ટીમે સેવાઓ આપી હતી.

આ કેમ્પની સફળતા માટે પોરબંદર જિલ્લા કલેટર તથા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી પોરબંદર જીલ્લા બ્રાન્ચના પ્રમુખશ્રી દિનેશભાઈ પટેલે શુભેચ્છા પાઠવી હતી તથા પોરબંદર જિલ્લા બાન્ચના ડૉ. સી.જી. જોષી સાહેબ, શ્રી દક્ષુભાઇ મોઢવાડિયા, શ્રી રામભાઈ ઓડેદરા, શ્રી મનીષાબહેન ઓડેદરા અને શ્રી બિંદુબહેનનો સહયોગ મળેલ હતો.

મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ નાગર સાહેબ અને વાઈસ પ્રિન્સિપાલશ્રી હરિભાઈ કગથરાનું માર્ગદર્શન મળેલું હતું તેમજ યુથ રેડક્રોસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ચેતનાબહેન બેચરા અને હેલ્થ સેન્ટર ડૉ. જયશ્રીબહેન પરમાર, ડૉ. કેતનભાઈ શાહ તથા શ્રી ભારતીબહેન શીંગરખીયા સતત કાર્યરત હતા.

કેમ્પની સફળતા માટે રેડક્રોસના શ્રી અકબરભાઈ સોરઠીયા, ડૉ. જનકભાઈ પંડિત, શ્રી હરીશભાઈ રૂઘાણી તેમજ ગોઢાણિયા કોલેજના ટ્રસ્ટી મંડળે શુભેચ્છા પાઠવી હતી.

## ૬) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજનું ગૌરવ વધારતી વિદ્યાર્થીની કુ. કૃતિકા ગોહેલે ટોપટેનમાં સ્થાન મેળવ્યું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા માર્ચ ૨૦૧૬માં લેવાયેલી સ્નાતક કક્ષાની પરીક્ષાઓમાં ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજની બી.એ. સેમેસ્ટર-૬ (અર્થશાસ્ત્ર)ની વિદ્યાર્થીની કુ. કૃતિકા એમ. ગોહેલે આર્ટ્સ ફેકલ્ટીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કક્ષાએ ટોપટેનમાં પોતાનું સ્થાન મેળવી ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજનું અને સમગ્ર પોરબંદર જીલ્લાનું ગૌરવ વધાર્યું છે. ગોહેલ કૃતિકાની આ સિદ્ધિ બદલ ગોઢાણિયા સંકુલનાં પ્રમુખશ્રી ડૉ. વિરમભાઇ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણા, પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ નાગર સાહેબ તેમજ સમગ્ર કોલેજ પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવે છે. સાથે ભાવિ કારકિર્દી માટે જીવનના દરેક ક્ષેત્રમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરે અને ગોઢાણિયા કોલેજ તથા તેના પરિવારનું નામ રોશન કરે એવા આશીર્વાદ પાઠવવામાં આવે છે.

## ૭) કમ્પ્યુટર વિભાગની પ્રવૃતિઓ :-

★ તા. ૨૩/૭/૨૦૧૬ : Digital Card Making Competition કુલ ૩૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. વિજેતાઓ : પ્રથમ - મકવાણા રવિના ડી. (બી.કોમ.સેમે-૧), દ્વિતીય : દાવડા પ્રિયંકા બી. (બી.કોમ.સેમે-૩), તૃતીય : મોદી ખુશાલી વી. (બી.કોમ.સેમે.૩) અને વ્યાસ જાનકી પી. (બી.કોમ. સેમે-૧). નિર્ણાયકશ્રી : સુનિતાબહેન પોપટીયા અને ધીરૂભાઈ ધોકીયા.

## ૮) C.C.D.C./UDISHA અંતર્ગત પ્રવૃતિઓ :-

★ તા. ૧૩/૭/૨૦૧૬ ના રોજ સ્પીપા જિલ્લા તાલીમ કેન્દ્ર દ્વારા એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલ. આ સેમિનારમાં કોલેજના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા પેટા પ્રાદેશિક રોજગાર અધિકારીશ્રી ચેતન દવે સાહેબ, નાયક કલેકટર અને નોડલ અધિકારી દવે સાહેબ, સ્પીપા ડી.ટી.સી. શ્રી ચેતન ગણાત્રા, માનનીય કલેકટર શ્રી દિનેશભાઈ પટેલે હાજરી આપી હતી. શ્રી કેતનભાઈ વાઘેલા, ડૉ. ધર્મેશ પરમાર અને શ્રી નિકુલ એલ. સાંગા એ વિદ્યાર્થિનીઓને U.P.S.C. અને G.P.S.C. તથા ગૌણ સેવા પસંદગી મંડળ ભરતી પરીક્ષા અંગેની વિગતવાર તેમજ સચોટ માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન લોઢારી ખુશ્બુ અને ચરાડવા કૃપા દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ કાર્યક્રમનું સમાપન શ્રી

કલ્પનાબહેન જોષીએ કર્યું હતું.

★ ૨૦/૭/૨૦૧૬ : ડીબેટ સોસાયટી અને સી.સી.ડી.સી. અંતર્ગત 'અનામત જરૂરી કે જરૂરીયાત ?' વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં આશરે ૩૨ વિદ્યાર્થિની બહેનોએ પોતાના વિચાર રજૂ કર્યા હતા. વિજેતાઓ : ગ્રુપ-૧ (૧) પરમાર વનિતા આર. (બી.કોમ. સેમ-૫ અંગ્રેજી માધ્યમ), (૨) ઓડેદરા હિના એલ. (બી.કોમ. સેમ-૫ અંગ્રેજી માધ્યમ). ગ્રુપ-૨ (૧) બાપોદરા વિભૂતિ એ. (બી.કોમ. સેમ-૩ આઈ.ટી.), (૨) ચાંડેગરા દિશા એમ. (બી.કોમ. સેમ-૩ આઈ.ટી.). ગ્રુપ-૩ (૧) સોલંકી પુજા (બી.કોમ. સેમ-૫ અંગ્રેજી માધ્યમ), (૨) જોષી ભક્તિ (બી.કોમ. સેમ-૩ અંગ્રેજી માધ્યમ).

વ્યક્તિગત અભિવ્યક્તિ : (૧) મારુ ઋતુ (બી.કોમ. સેમ-૧) (GM, A/C), (૨) રાણીંગા રિદ્ધિ (બી.કોમ. સેમ-૩) (GM, IT), (૩) મોકરીયા મિતલ (બી.કોમ.સેમ-૩) (GM, A/C), (૪) ચિત્રોડા ભુમિકા (બી.કોમ. સેમ-૧) (GM, A/C).

નિર્ણાયકશ્રી : પ્રા. મિતલ જેઠવા અને પ્રા. પ્રણાલી જોષીએ સેવાઓ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી ભાવિકાબહેન ગોહેલ અને શ્રી ચાંદની દવે એ મહત્વની ભુમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સકંલન શ્રી કલ્પનાબહેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. વિજેતાઓને પ્રિ. ડૉ. નાગરસાહેબ અને ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા છે.

★ તા. ૨૩/૭/૨૦૧૬ : Activity based learning વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જે Sathway કંપની દ્વારા આયોજવામાં આવ્યો હતો. કંપનીના મેનેજર ડૉ. સિદ્ધાર્થ જાડેજા અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ છેલ્લા ૧૪ વર્ષથી કાર્યરત શ્રી સુજાતા વાઢવા ઉપસ્થિત રહેલ. આ સેમિનારમાં ૩૫૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

## ૯) ભૂતપૂર્વ સંગઠન :-

તા. ૧૫/૭/૨૦૧૬ ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના ઉપક્રમે 'ગીત-સંગીત ધારા' ના તાસમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 'પ્રજ્ઞાચક્ષુ ગુરૂકુલ પોરબંદર' ખાતેથી (૧) શ્રી બ્રીજરાજભાઈ તથા (૨) શ્રી પરૂસોતમભાઇ એ હાર્મોનિયમ તથા તબલાં સાથે લોકગીત તથા ફિલ્મીગત રજૂ કર્યા હતા. અંધ હોવા છતાં પોતાની આ કલાથી તેમેણે વિદ્યાર્થિનીઓ ખુશ કરી અભિનંદન પ્રાપ્ત કર્યા હતા.

## ૧૦) લાઈબ્રેરી સમિતિ અંતર્ગત પ્રવૃતિઓ :-

તા. ૫-૭-૨૦૧૬ ના રોજ, 'જીવનમાં પુસ્તકોનું મહત્વ' વિષય પર નિબંધ સ્પર્ધા રાખવામાં આવેલ. જેના વિજેતાઓ : પ્રથમ - ઓડેદરા નિશા જે., દ્વિતીય - મોતીવરસ નિશા એન. અને ખૂંટી ગીતા એલ., તૃતીય : જુંગી ધર્મિષ્ઠા જી. અને લોઢારી અંજના જે.

નિર્ણાણકશ્રી : પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા. તા. ૧૪/૭/૨૦૧૬ : ગુજરાતી વિભાગના પુસ્તકોનું પ્રદર્શન. તા. ૨૧/૭/૨૦૧૬ : હોમસાયન્સ વિભાગના પુસ્તકોનું પ્રદર્શન.

## ૧૧) સ્કાઉટ ગર્લ્સ ગાઈડ અંતર્ગત પ્રવૃતિઓ :-

★ તા. ૧૭/૬/૨૦૧૬ : યોગ દિવસની ઉજવણીમાં ૧૫ બહેનો જોડાયેલ.
★ તા. ૨૭/૬/૨૦૧૬ : ખો-ખો રમતમાં ૨૫ બહેનોએ ભાગ લીધેલ.
★ તા. ૨૯/૬/૨૦૧૬ : પરેડ અને સલામી ટ્રેનિંગમાં ૨૨ બહેનો જોડાયેલ.

## ૧૨) સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ :-

### ૧) નાટયધારા :-
★ તા. ૨૮/૬/૨૦૧૬ : (૧) નાટ્યધારા પરિચય : શ્રી ચેતનભાઈ દવે. (૨) નાટ્ય રજૂઆત - 'જાગો ગ્રાહક જાગો'
★ તા. ૧૨/૭/૨૦૧૬ : (૧) શોર્ટ ફિલ્મ. (૨) વાર્તા : પાંડાવદરા જયશ્રી (બી.એ. સેમ.-૩)
★ તા. ૨૬/૭/૨૦૧૬ : ગુજરાતી નાટક 'ઝીરો બન ગયા હીરો' પ્રોજેક્ટ પર બતાવવામાં આવેલ.

### ૨) ગીત-સંગીતધારા :-
★ તા. ૧૫/૭/૨૦૧૬ : ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ અને ગીત-સંગીત નૃત્યધારાના સંયુકત ઉપક્રમે પ્રજ્ઞાચક્ષુ ગુરૂકૂળ-પોરબંદર ખાતેના વિદ્યાર્થીઓ દ્વારા સૂરોની રસાત્મક અનુભૂતિ.
★ તા. ૨૨/૭/૨૦૧૬ : ડૉ. મુળજીભાઈ વાઘેલા સાહેબે 'સંગીતકલા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

### ૩) સર્જનાત્મક અભિવ્યક્તિધારા :-

★ તા. ૨૧/૬/૨૦૧૬ : (૧) શાંતિમંત્રોચ્ચારણ અને સ્વાગત પ્રવચન – પ્રા. વર્ષા બી. જોષી. (૨) ડૉ. અબ્દુલ કલામ સાહેબનું જીવન અને સંઘર્ષ – પ્રા. નેહાબહેન થાનકી. (૩) 'બુદ્ધિ વધારવાના ફંડા' અંગેનું વ્યાખ્યાન ડૉ. ભાવનાબહેન કેશવાલા

★ તા. ૨૦/૭/૨૦૧૬ : ગુરૂશિષ્યના મહિમા વિષય પર શિષ્ય વાચન સ્પર્ધા. જેમાં વિજેતાઓ, પ્રથમ : (૧) રાવલ ફાલ્ગુની જે., દ્વિતીય : ઓડેદરા કિરણ અને પુરોહિત કિંજલ, તૃતીય : (૩) પરમાર પાયલ કે. અને જાદવ રેખા.
નિર્ણાયકશ્રી : પ્રા. વર્ષાબહેન જોષી, પ્રા. નેહાબહેન થાનકી

★ તા. ૨૭/૭/૨૦૧૬ : 'સચો વિચાર જ સર્જે ચમત્કાર' અંતર્ગત સુવિચાર સ્પર્ધો. જેના વિજેતાઓ : પ્રથમ (૧) પોપટ ખૂંટી પી., દ્વિતીય (૨) ઓડેદરા નિશા જે. અને બગીયા માનસી કે., તૃતીય : (૩) જોષી કિંજલ આર.
નિર્ણાયકશ્રી : ડૉ. ભાવનાબહેન કેશવાલા, પ્રા. વર્ષા બી. જોષી.

### ૪) ખેલકૂદ યોગ વ્યાયામધારા :-

★ તા. ૨૧/૬/૨૦૧૬ ના રોજ, વિશ્વ યોગ દિવસની ઉજવણી તેમજ જિલ્લા કક્ષાએ યોજાયેલ યોગદિવસમાં અંદાજીત ૨૦૦ વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધેલ. આ ઉપરાંત કરાટે વર્ગોનું પણ આયોજન કરવામાં આવેલ છે.

### ૫) રંગ-કલા-કૌશલ્યધારા :-

★ તા. ૨/૬/૨૦૧૬ : સોફ્ટ ટોઈસનો શોર્ટ ટર્મ કોર્ષ.
★ તા. ૨૦/૬/૨૦૧૬ : Innovative Group દ્વારા આયોજીત પોર્ટ્રેઈટ લાઈવ ડેમોસ્ટ્રેશન – આર્ટ ગેલેરી, પોરબંદર.
★ તા. ૨/૭/૨૦૧૬ : ડ્રોઈંગકલાસ અંગેનો શોર્ટ ટર્મ કોર્ષ અને ડ્રોઈંગ ડેમોસ્ટ્રેશન.
★ તા. ૭/૭/૨૦૧૬ : કલે આર્ટ ડેમોસ્ટ્રેશન ટ્રેનીંગ – બિંદીયાબહેન શીંગડીયા
★ તા. ૧૨/૭/૨૦૧૬ : કાર્ડ મેકીંગ અને રંગોળી ડેમોસ્ટ્રેશન – બિંદીયાબહેન શીંગડીયા
★ તા. ૨૨/૭/૨૦૧૬ : ચિત્ર પ્રદર્શન.

## ૧૩) અભ્યાસવર્તુળ અંતર્ગત પ્રવૃતિઓ :

### ૧) ગુજરાતી અભ્યાસ વર્તુળ :

★ તા. ૧૪/૭/૨૦૧૬ ના રોજ, ગુજરાતી વિભાગના પુસ્તકોનું પ્રદર્શન લાઈબ્રેરીમાં રાખવામાં આવે છે.

### ૨) હિન્દી અભ્યાસ વર્તુળ :

★ તા. ૧૫/૭/૨૦૧૬ ના રોજ, ડૉ. ભરડાસાહેબનું બી.એડ્.ના માર્ગદર્શન અનુલક્ષીને વ્યાખ્યાન રાખવામાં આવેલ.
★ તા. ૨૫/૭/૨૦૧૬ : નિબંધ તેમજ કાવ્યલેખન સ્પર્ધા.
★ તા. ૩૧/૭/૨૦૧૬ ના રોજ પ્રેમચંદ જન્મજયંતિ નિમિતે સેમિનારનું આયોજન અને શોધપાત્રનું વાંચન.

### ૩) અંગ્રેજી અભ્યાસ વર્તુળ :

★ તા. ૧૫/૭/૨૦૧૬ ના રોજ, સ્ટડી સર્કલની પ્રવૃતિઓ વિશે વિદ્યાર્થિની બહેનોને માહિતગાર કરવામાં આવેલ.
★ તા. ૨૨/૮/૨૦૧૬ ના રોજ, અંગ્રેજી કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૯ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેના વિજેતાઓ (૧) જોગિયા પ્રજ્ઞા, (૨) ઓડેદરા મિતલ, (૨) પતનેશા અંજલિ, (૩) ઓડેદરા નેહલ. આશ્વાસન ઈનામ : ચાવડા એકતા.
નિર્ણાયકશ્રી ડૉ. સુલભાબહેન દેવપુરકર તથા કુ. જલ્પાબહેન મહેતાએ સેવાઓ આપી હતી. કાર્યક્રમનું આયોજન પ્રા. કિરણ ગોસાઈ તથા પ્રા. મોનિકા ગઢવાણાએ કર્યું હતું.

### ૪) સંસ્કૃત અભ્યાસ વર્તુળ :

★ તા. ૫/૭/૨૦૧૬ ના રોજ, સંસ્કૃતમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) ઓડેદરા નિશા જે., (૨) જોષી ઉર્વશી વી., (૩) સાદિયા વર્ષા બી. જાહેર કરાયા. નિર્ણાયકશ્રી તરીકે પ્રા. વર્ષાબહેન જોષીએ ફરજ બજાવેલ.

### ૫) સમાજશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :

★ તા. ૧૧/૭/૨૦૧૬ થી તા. ૧૬/૭/૨૦૧૬ સુધી સમાજશાસ્ત્ર તથા અભ્યાસ વર્તુળના સંયુકત ઉપક્રમે 'જૂનાગઢ જિલ્લા સહકારી

સંઘ-જૂનાગઢ' દ્વારા આયોજીત 'મહિલા યુવક સહકારી શિક્ષણ વર્ગ' નું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રીમતી અવનિ ઠાકર દ્વારા વિદ્યાર્થિનીઓએ જરૂરી માહિતી અને માર્ગદર્શન પુરા પાડવામાં આવ્યો. તા. ૧૫/૭/૨૦૧૬ ના રોજ આ વર્કશોપના ઉપક્રમે વિદ્યાર્થિનીઓએ પોરબંદર કોમર્શીયલ કો-ઓપરેટીવ બેન્કની મુલાકાત લીધી હતી અને તા. ૧૬/૭/૧૬ ના રોજ વિદ્યાર્થિનીઓ માટે એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં કુલ ૫૮ વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી.

★ તા. ૧૮/૭/૧૬ ના રોજ, 'વિશ્વ વસ્તી દિન' ની ઉજવણીના ભાગરૂપે 'વિશ્વની વસ્તી અંગે વિદ્યાર્થિનીઓના પ્રતિભાવો' અંગેના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં F.Y., S.Y. અને T.Y. (સમાજશાસ્ત્ર) ની કુલ ૭ વિદ્યાર્થિનીઓએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા.

## ૬) અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :

★ તા.૨/૭/૧૬ ના રોજ પાંચમાં તાસમાં મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. ઈલાબહેન થાનકી દ્વારા વિદ્યાર્થિનીઓએ અભ્યાસવર્તુળ અંતર્ગત માહિતીથી અવગત કરવામાં આવેલ. ત્યારબાદ ડૉ. ભાવનાબહેન કેશવાલા અને પ્રા. પ્રણાલિ જોષીએ વિદ્યાર્થિનીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન આપવામાં આવેલ.

★ તા. ૮/૭/૧૬ ના રોજ, શ્રીમતી નીતાબહેન વોરાનું વ્યાખ્યાન રાખવામાં આવેલ તેમજ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ચલાવવાનું આવતા ''પ્રગતિ'' ન્યુઝ લેટરનું વિમોચન પણ શ્રીમતી નીતાબહેન વોરાના વરદ હસ્તે કરવામાં આવેલ.

★ તા. ૧૧/૭/૧૬ ના રોજ, અર્થશાસ્ત્ર વિભાગ અને સમાજવિભાગના સંયુક્ત ઉપક્રમે એક સપ્તાહ માટેના વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

★ તા. ૧૬/૭/૧૬ ના રોજ, 'વિના સહકાર નહિ ઉદ્ધાર' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) પૂર્વી એન. જોષી, (૨) કિરણ જે. સાદિયા, (૩) હીરા એન. મોઢવાડિયા. નિર્ણાયક : શ્રીમતી અવનિ ઠાકરેએ સેવાઓ આપી હતી.

★ તા. ૨૯/૭/૧૬ ના રોજ, 'આધુનિક સમયમાં ભારતમાં G.S.T. ની આવશ્યકતા છે કે કેમ ?' વિષય પર સમૂહચર્ચાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ,

Against Argument- પ્રથમ : (૧) નિશા આર. તૈરૈયા (બી.એ. સેમ-૩), દ્વિતીય : (૨) કિરણ બી. ઓડેદરા (બી.એ. સેમ-૫) અને (૨) ભાવિના એમ. ચાવડા (બી.એ. સેમ-૫), તૃતીય :(૩) કાજલ આર. રામદત્તી (બી.એ. સેમ-૫) અને (૩) બુદ્ધિ ડી. સુમનિયા (બી.એ. સેમ-૫).

Favour Argument- પ્રથમ : (૧) ડિમ્પલ કે. બામણિયા (બી.કોમ. સેમ-૩), દ્વિતીય : (૨) વિભૂતિ કે. બાપોદરા (બી.કોમ. સેમ-૩) અને (૨) રમા એચ. નકુમ (બી.કોમ. સેમ-૩), તૃતીય : (૩) પૂર્વી પી. પોપટ (બી.એ. સેમ-૫) અને (૩) કિરણ જે. સાદિયા (બી.એ. સેમ-૫).

## ૭) કોમર્સ (અંગ્રેજી માધ્યમ)

**Report of June-July-16 table showing the activities of study circle**

| Date | Activity | Judges | Winners |
|---|---|---|---|
| 18-06-16 | PPT presentation | - | All those student who secured more than 80% in 12, sem-3 and sem-4 were praised |
| 25-06-16 | Karate Demo | - | Ketan Kotia and his team showed demo of various tricks for safety |
| 02-07-16 | **Elocution competition Topics :**<br>- Use of mobile in college<br>- Importance of advertising in daily life<br>- Corruption in Indian democracy<br>**(15 students)** | Prof. Rushi Pandya and Chandni Dave | **1st :** Salet Chandni (sem-3), **2nd :** Nakum Sonali (sem-3) and Hamdani Amana (sem-1),<br>**3rd :** Vadher Jagruti and Parmar Vanita (sem-5) |
| 09-07-16 | Book Review<br>**(40 students)** | Prof. Vipul Dasani and Kotecha Janki | **1st :** Hamdani Amana (sem-1),<br>**2nd :** Parekh Neha and Jalpa Odedara (sem-1),<br>**3rd :** Ami Hathi (sem-5) and Pragna Jogiya (sem-1 |
| 16-07-16 | Jambloid (game of words)<br>**(35 students)** | Organised by Kotecha Janki The scoring the time management by Jethva Mital | **Winner Team :** Sem-1<br>Dhanani Alvira, Takwani Neha, Sadikot Rabab, Sadikot Aaretah, Hamdani Amana |

| | | | |
|---|---|---|---|
| 23-07-16 | Debate competition (34 students in 17 paris) (1) Life if city vs village (2) Pros. the cons. of internet (3) Government vs self financial Education | Prof. Chandni Dave and Khyati Jadav | **1st :** Parmar Vanita and Girach Shamshad (sem-5) **2nd :** Odedara Jalpa and Suryavanshi Dipti (sem-1) **3rd :** Solanki Pooja and Gohel Krushnika (sem-5), Pragna Jogiaya and Rughani Arti (sem-1) |
| 30-07-16 | Loan selling session | All professors of department | Solved queries of the students |

Apart from study circle activity other activities were

1) On 15-6-16 students of sem-1 were addressed by prof. Kalpna man and the students were made aware about the facilities the infrastructure of college.

2) On 07-07-16 workshop by Mr. Kavin Panl was arranged for English medium student on soft skills, leadership skills, language and communication skills, personal development image projection etc.

## ૧૪) વર્ષગાંઠ અભિનંદન

૧) ઓગસ્ટ-૨૦૧૬
- તા. ૦૬ ઓગસ્ટ -પ્રિ.શ્રી. ડૉ. નાગર સાહેબ
- તા. ૩૧ ઓગસ્ટ - ડૉ. કમલેશભાઈ ગોહેલ
- તા. ૧૫ ઓગસ્ટ - ડૉ. ભાવનાબહેન કેશવાલા
- તા. ૧૫ ઓગસ્ટ - શ્રી ભરતભાઈ સિસોદીયા
- તા. ૦૪ ઓગસ્ટ - શ્રી દિલીપભાઈ ખૂંટી
- તા. ૦૧ ઓગસ્ટ - પ્રા. મિતલબહેન જેઠવા
- તા. ૨૦ ઓગસ્ટ - પ્રા. ઋષિભાઈ પંડયા
- તા. ૨૭ ઓગસ્ટ - પ્રા. પ્રણાલિબહેન જોષી
- તા. ૧૩ ઓગસ્ટ - પ્રા. રૂપલબહેન ભટ્ટ
- તા. ૧૭ ઓગસ્ટ - પ્રા. કિરણબહેન ગોસાઈ
- તા. ૨૨ ઓગસ્ટ - શ્રી દિલીપભાઈ તેરૈયા

૨) સપ્ટેમ્બર-૨૦૧૬
- તા. ૧૪ સપ્ટેમ્બર - આદરણીય શ્રીમતી ટ્રસ્ટીશ્રી શાંતાબહેન ઓડેદરા
- તા. ૦૫ સપ્ટેમ્બર - ડૉ. ચેતનાબહેન બેચરા
- તા. ૧૧ સપ્ટેમ્બર - શ્રી દિવાળીબહેન સોનેરી

ઉપરોક્ત તમામા સભ્યોને ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજ પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન સાથે ભાવિ પ્રગતિ માટે શુભકામનાઓ.

## ૧૫) ટીચર્સ કોર્નર

Difference

Discussion is always better
than argument,
because,
argument is to find out,
who is right
and
discussion is to find out,
what is right

R. H. Modha
Department of sociology

કાર્ય અને જીવન

માનવજીવન એ ઈશ્વરની અણમોલ ભેટ છે. જીવનનો જે કાર્યરૂપી રસ્તો તૈયાર થાય છે.તે કાર્યમાં ''માનવતા'' એ જીવનનો મુખ્ય આધારસ્તંભ છે. માનવતાસભર કાર્ય એ માનવીનું કર્મ બની રહે છે અને કર્મરૂપી જ જીવન એ માનવતાને ઉજાગર રાખતી ''સાધના'' છે.

આપણી જીત '' જીવંત'' હોય તો કાર્યો અને જીવનમાં ''જીવંતતા'' નો ધબકાર નિરંતર વહેતો જ રહે છે. આપણા વ્યકિતત્વની સરળતા, સહજતા, સ્નેહ દ્વારા આપણા કાર્યો એ કર્મ બની રહે છે. કર્મ એવું જ કરવું જયાં ફળની આશા જ ન રહે. જીવન એવું જ જીવવું જયાં શ્રદ્ધા અને પ્રેમરૂપી ઈશ્વરની સાધનાં રોજીંદા જીવનનાં કાર્યોરૂપી કર્મ બનીને અર્પણ થતી રહે.

- ડૉ. ભાવના આર. કેશવાલા
અર્થશાસ્ત્ર વિભાગ

સુખી થવાની પાંચ ચાવીઓ છે :
૧) ઈર્ષામુક્ત થવું
૨) ચિંતામુક્ત થવું
૩) સાદું જીવન જીવવું
૪) આપી છુટવું
૫) અપેક્ષારહિત હોવું

- ડૉ. કિર્તી એમ. જાની

It is through gratitude for the present moment that the spiritual dimension of life opens up. Good will for all and good will from all is the basis of peace and harmony

- Prof. Pranali Joshi

I make no difference between work and yoga. Work itself is yoga if it is done in a spirit of dedication and surrender. Let us work as we pray for indeed work is the body's best prayer to the divire.

- Dr. Ila A. Thanki

## ૧૬) સ્ટુડન્ટ કોર્નર

रक्षाबंधन

रक्षाबन्धनं श्रावणमासस्य शुक्लपूर्णिमायाम् आचर्यते । मातृभगिन्याः पवित्रसम्बधस्य सम्मानाय एतत् पर्व भारतीयाः आचरन्ति । निर्बलतत्तुना बद्धः भातृभगिन्यौः सबलसम्बधः भारतीय संस्कृत महनतायाः प्रतीकः । मानवसभ्यपतायाः विकसिताउ सर्वाः संस्कृतयः प्रार्थनायाः महात्म्यं भूरिशः उपस्थापयन्ति । आदीभारतीय संस्कृतः विचारानुगुण भ्रातुः रक्षायै भगिन्या ईश्वराय कृता प्रार्थना एवं रक्षाबन्धनम् । भगिनी ईश्वराय प्रार्थनां करोति यत् ''हे इश्वर ! ममं भातुः रक्षणं करोतु'' इति । ततः उभौ परस्परं मधुरं भोजयत : । भगिन्या ईश्वराय स्वरक्षणस्य या प्रार्थना कृता, तस्याः प्रार्थनायाः कृते भगिनी प्रति कृतज्ञातां प्रकटयितु भाता भगिन्यै उपहारम् अपि यच्छति । भातृभगिन्योः सम्बन्धस्य एतत आदानप्रदानम् अमूल्यं वर्तते ।

રક્ષાબંધન

ર – રક્ષા કરજો વીરા બહેનની<br>
ક્ષા – ક્ષમા કરજોન વીરા બહેનને<br>
બં – બંધનમાંથી છોડાવજો વીરા બહેનને<br>
ધ – ધર્મ પાળજો વીરા બહેનનો<br>
ન – નફરત ન કરશો વીરા બહેન તરફ

– મહેતા ક્રિષ્ના એચ.<br>
ટી.વાય.બી.કોમ.

રક્ષાબંધન

આ રક્ષાનું પવિત્ર બંધન<br>
છે રક્ષણની આશાનું બંધન<br>
આ તો છે મીઠા સ્નેહનું બંધન<br>
ભાઈ–બેનના પ્રેમનું બંધન<br>
અનોખું છે જીવનમાં આ બંધન<br>
હોય લાખો દૂર ભાઈ–બેન<br>
સદા રહે છે સાથે એવી<br>
આશા લાવે છે આ બંધન

– મોઢાવાડિયા વનિતા કે.<br>
ટી.વાય.બી.એ.

જન્માષ્ટમી

આ જન્માષ્ટમી શ્રાવણ મહિનામાં આવે છે. જન્માષ્ટમીની પૂર્વસંધ્યાએ શ્રીકૃષ્ણની ત્રણ જીવન વિધાત્રીઓની વાત કરવી છે કે જેમને લોહીની કોઈ સગાઈ નહોતી. આમ છતાં, તેમના વિના કૃષ્ણકથા અધુરી જ રહે આ ત્રણ નારી રત્નો છે, જશોદા, રાધા અને દ્રૌપદી. વાસ્તવમાં સંબંધ જ આપણને જીવવાનું ઈંધણ પૂરું પાડે છે. જે સંબંધોને સ્વસ્થ રાખી શકે એ જ સુખી રહી શકે, તેમાં કોઈ શંકા ખરી ? શ્રાવણ મહિમા આઠમને દિવસે કૃષ્ણનો જન્મ થાય છે. રાત્રે બાર વાગ્યે એટલે તે જન્માષ્ટમીના દિવસે ઉજવાય છે. જશોદા અને નંદ માત્ર પાત્રો નથી. નંદઘર એ તો બાળ ઉછેરનો ઉત્તમ આદર્શ છે. પરિવારમાં બાળકનો જન્મ, તે પછી દીકરો હોય કે દીકરી, એ પરમાત્માનો ગૃહપ્રવેશ છે. ભગવાન શ્રીકૃષ્ણ જન્મ્યા પછી અનેક લીલાઓ કરી હતી. વ્રજની ગાયો, ગિરીશ્રૃંગો, જમુનાજી, તુલસીના પાંદડા અને માંજરીઓ વનમાં પશુ–પંખીઓ સહું કોઈ કૃષ્ણના સ્નેહભાજનના અધિકારી છે. વૃંદાવનના અણુએ અણુમાં પ્રેમનો અમીરસ છલકે છે. એટલે જ તો લોકોને જન્માષ્ટમી તહેવાર ખુબ ગમે છે.

– જોષી ઉર્વશી વી. (એસ.વાય.બી.એ.)

## ૧૭) પ્રિન્સિપાલશ્રીલી કલમે

## ૧૮) તંત્રી સ્થાનેથી

જન્માષ્ટમી

વરાહપુરાણમાં એવો ઉલ્લેખ છે કે શ્રાવણસુદ પાંચમના દિવસે બ્રહ્માજીએ પોતાની શક્તિથી શેષનાગને નિર્માણ કર્યા અને તેની પૃથ્વીની ધારણની અમૂય સેવાના માટે જનતાએ તેનું અભિવાદન કર્યું અને તે દિવસથી આ તહેવાર નાગજાતિ પ્રત્યેની શ્રદ્ધા પ્રદર્શનનું પ્રતીક બન્યું છે. ભારતીય સંસ્કૃતિમાં નાગોનું પ્રારંભથી એક મહત્વપૂર્ણ સ્થાન છે. આ સમસ્ત પૃથ્વીનો ગુરૂતર ભાર જેણે પોતાની જાત ઉપર ધારણ કર્યો છે તેને શેષનાગ કહે છે અને લોકરક્ષક ભગવાન વિષ્ણુ તેની શય્યા બનાવી વિશ્વભરણના મહાન કાર્યનું સંપાદન કરે છે. ભારતની વસ્તી ખેતીપ્રધાન છે. ઉંદર તથા બીજા આવા પ્રાણીઓના ત્રાસમાંથી મુકત કરવા સાપ સતત ખેતરમાં ફરતા હોય છે. તેથી તો તે ક્ષેત્રપાલ કહેવાય છે. તેના પ્રત્યેક કૃતજ્ઞતા વ્યકત કરવાનો દિવસ એટલે નાગપૂજાનો દિવસ છે. સાપ તો વિષદાર છે. પરંતુ મનુષ્યનું દ્વેષમુકત હળાહળ વિષ તો નાગનના વિષથી પણ ભયંકર છે. તેના ડંખ મારવાથી વૃતિ ઘર કરી ગઇ હોય છે. તેથી આપણા પૂર્વજોએ નાગપંચમીનો આ ઉત્સવ તે મનુષ્યના દ્વે ષમુકત વિષનો નાશ કરવાની ભાવનાથી પણ રાખ્યો છે. માણસ હિંસક ન બને તેનામાં પણ ઈશ્વર છે તો **अद्रेष्टा सर्वभूतानाम्**.....એ ભાવના કેળવાય એ હેતુ પણ આ નાગપૂજા પાછળ હોવા સંભવ છે અને તે માટે માણસે પોતાની સુજનતાનો કદી ત્યાગ કરવો ન જોઈએ. બધા સાથે આપણો વ્યવહાર દ્વેષમુકત ન રહેતા પ્રેમયુકત હોવો જોઈએ. એ જ નાગપંચમીનું હાર્દ છે. આ હાર્દ સમજી તેને જીવનમાં સ્થાન આપીએ.

– વર્ષા બી. જોષી

**ડૉ. રેખાબહેન મોઢા** **શ્રી સુરેશભાઈ ગોરસીયા** **શ્રી કલ્પનાબહેન જોષી**<br>
**પ્રા. વર્ષાબહેન જોષી** **પ્રા. ઋષિભાઈ પંડયા**